# કોણ નબર વન !

– હેમલ ભટ્ટ

મિહિરના ઘરમા સુદર મજાનુ ફળિયુ હતુ. તેમા ત્રણ વાહનો બાજુબાજુમા પાર્ક કરવામા આવતા. મિહિરની નાનકડી સાઈકલ, મોટાભાઈનુ બાળક તથા પપ્પાની કાર.

મોટાભાઈની બાઈકને મિહિરની સાઈકલ જરાય નહોતી ગમતી. અભિમાની બાઈક, સાઈકલને જોઈને નાકનુ ટીચકુ ચડાવતી.

આજે પણ બાઈકે સાઇકલને કહ્યુ, છી....છી....કેવી ગદી ને માયકાગલી છે તુ, મારાથી આથી જ રહેજે.'

સાઇકલ ધીમેથી બોલી, 'હુ તો તમારાથી દૂર જ છુ.'

બાઈક ગુસ્સે થઈને બોલ્યુ, 'એઈ સાઇકલડી, મને સામો જવાબ આપે છે ? તને ખબર છે હુ કોણ છુ ? હુ બાઈક છુ બાઈક, હા.'

બાઈક પોતાના વખાણ કરતા કહેવા લાગ્યુ, 'જોયુ મારુ બોડી ! કેવુ સોલીડ છે, મારો રગ કેવો ચમકતો અને મારી સ્કીન કેવી લીસી છે ! મારી સવારી કરનારને હવા સાથે વાતો કરાવુ છુ હુ, તને ચલાવનાર તો પેડલ મારી મારીને અધમૂવો થઈ જાય.'

સાઇકલ મૂગી મૂગી સાભળી રહી, એટલે બાઈકે વધુ મોટેથી અને અભિમાનથી કહ્યુ, 'મને જોઈને બધા યુવાનો કેવા ખુશ થઈ જાય છે એની તને કઈ ખબર છે ? મારી સ્પીડ પણ કેવી ફાસ્ટ છે. મારી તોલે તો કોઈ આવે જ નહીં. હા.મારી સ્ટાઈલ પર બધા જ ફિદા છે.

બાઈકની વાત સાભળીને સાઇકલ તો કઈ ન બોલી, પણ બાઈકની બાજુમા ઊભેલી અભિમાની અને અકડુ કારથી બોલ્યા વગર ન રહેવાયુ.

કારે બાઈકને કહ્યુ, 'હવે જોઈ તારી સ્ટાઈલ, બેસ બેસ એક બાજુ. બહુ ચાપલાશ ન કર. મારા રગ રૂપ અને સ્ટાઈલની તોલે તો કોઈ જ ન આવે. તુ તો બે જ વ્યક્તિને બેસાડી શકે જ્યારે હુ તો પાચ વ્યક્તિઓને એકસાથે લઈ જઈ શકુ અને એ પણ તાપ અને વરસાદથી બચાવીને.'



બાઈક ભોઠુ પડી ગયુ એટલે કારે આગળ કહ્યુ, ‘હુ તો બેસનારાને મ્યુઝિક પણ સભળાવુ અને એ.સી.ની ઠડક પણ આપુ. અરે, એમનો સામાન પણ મારી ડીકીમા સમાવી લઉં બોલ! હવે કહે કોણ ચડિયાતુ હુ કે તુ ?’

બાઈક અને કારની મોટી મોટી વાતો સાભળીને સાઇકલ ધીમેથી બોલી, ‘અરે, છોડોને કોણ ચડિયાત એની માથાકૂટ. શુ ફરક પડવાનો છે તેનાથી ?’

કારે મોઢ મચકોડય  અને બાઈકે કહ્યુ, ‘છટ, સાઇકલડી, તુ તો કઈ બોલતી જ નહીં. તારા જેવી માયકાગલીને શુ ખબર પડે કે નબર વન કોને કહેવાય !’

બાઈકે કારને કહ્યુ, ‘તુ બહુ ફાકા ન માર, તને ખબર નથી, પણ તારા જેવી આટલી બધી જગ્યા રોકે એવી કાર બધે જઈ નથી શકતી. જ્યારે અમે બાઈક તો ગમે ત્યા નાના રસ્તા પર પણ જઈ શકીએ. એટલે બધા અમને પસદ કરે છે.’

અહીં બાઈક અને કાર વચ્ચે કોણ નબર વન તેનો વાદવિવાદ ચાલતો ત્યારે મિહિરના ઘરમા બીજી ધમાલ ચાલી રહી હતી.

મિહિરના દાદીમાને હાર્ટની તકલીફ હતી. તેમનુ બ્લડપ્રેશર પણ ઘણીવાર વધી જતુ. આજે પણ તેમની તબિયત બગડી રહી હતી.

દાદીમાને છાતીમા દુઃખતુ હતુ. મિહિરના પપ્પાએ ડૉક્ટરને ફોન કર્યો. ડૉક્ટર સાહેબે કહ્યુ, 'હુ તો અત્યારે બહારગામ છુ. તમે એક કામ કરો. હુ તમને કહુ એ દવા દાદીમાને આપે એટલે એમની તકલીફ દૂર થઈ જશે.'

ડૉક્ટરે ફોનમા દવાના નામ લખાવ્યા અને કહ્યુ, 'આ દવા બને તેટલી જલદી લાવીન દાદીમાને આપી દેજો.'

મિહિરના પપ્પાએ દવાનુ નામ લખેલ કાગળ મિહિરના મોટાભાઈના હાથમા આપ્યો અને કહ્યુ, 'જા જલદી બાઈક લઈને જા અને આ દવા લઈ આવ.'

મિહિરના મોટાભાઈએ બાઈકની ચાવી અને દવાની ચિઠ્ઠી હાથમા લીધા. બાઈકની કીક મારી પણ આ શુ ? જરા સ્ટાર્ટ થઈને તરત જ બાઈક બધ થઈ ગયુ.

બાઈકને સ્ટાર્ટ કરવા તેણે બેત્રણ કીક મારી પછી અચાનક તેને યાદ આવ્યુ એટલે બાઈકને એક લાત મારીને બબડયો, 'કાલે પેટ્રોલ જ સાવ ખાલી થઈ ગયુ છે. આ બાઈક તો ક્યાથી ચાલવાની !'

મિહિરના પપ્પાએ જોયુ કે, 'બાઈક ચાલુ નથી થઈ રહી એટલે એ કારની ચાવો લઈને બહાર આવ્યા.'

કારનો દરવાજો ખોલીને અદર બેઠા ત્યા મિહિરનુ ધ્યાન કારના ટાયર પર ગયુ. તેણે બૂમ પાડી, 'પપ્પા કારનુ વ્હીલ તો પક્ચર છે.'

'ઓહ માય ગોડ' કરતા મિહિરના પપ્પા કારમાથી બહાર આવ્યા અને પોતાનો બધો ગુસ્સો કારના દરવાજા પર કાઢયો. દરવાજાને ધડામ દઈને બધ કર્યો. કાર આખો હલબલી ગઈ.

મિહિર દોડીને પપ્પા પાસે આવ્યો. તેમના હાથમાથી દવાની ચિઠ્ઠી લેતા લેતા બોલ્યો, 'પપ્પા, પૈસા આપો. હુ હમણા દવા લઈ આવુ છુ.'

મિહિરે સાઇકલ દરવાજામાથી બહાર કાઢો. પપ્પાએ આપેલ પૈસા અને ચિઠ્ઠી ખિસ્સામા મૂકીને મિહિરે સાઇકલને સડસડાટ ભગાવી.

સાઇકલ પણ સમજી ગઈ હતી કે કઈક ઈમરજન્સી છે એટલે એ મિહિર આટલી ઝડપથી મને ચલાવી રહ્યો છે. સાઇકલે મિહિરને પૂરેપૂરો સાથ આપ્યો.

મિહિર દવા લઈને ઘરે આવ્યો. દાદીમાને ફટાફટ દવા દીધી. દાદીમાની તબિયતમા સુધારો થવા લાગ્યો.

સાજે ફળિયામા ઓટલા પર બધા બેઠા હતા. ત્યારે મિહિરને શાબાશી આપતા પપ્પાએ કહ્યુ, ‘શાબાશ મિહિર, તે અને તારી સાઇકલે આજે રગ રાખ્યો. તમે બનેએ દાદીમાને બચાવી લીધા. પછી કાર સામે જોઈને બોલ્યા, ‘સારુ થયુ તારી સાઇકલ હતી. આ ડબલા જેવી કાર અને ફટીચર બાઈક પર તો ભરોસો રાખવા જેવો જ નથી.’

આ વાત સાભળીને કાર અને બાઈક બને શરમાઈને નીચુ જોઈ ગયા અને ધીમેથી બોલ્યા, ‘સાઇકલબહેન, અમને માફ કરી દે. અભિમાનમા આવીને અમે તારી સાથે ખરાબ રીતે વાત કરી, પણ ખરેખર તો આપણા સૌમા તુ જ ચડિયાતી છે. તુ જ નબર વન છે.

આ સાભળીને સાઇકલ હસી પડી અને બોલી, ‘હુ એકલી નહીં, આપણે સૌ નબર વન છીએ, બરાબરને!’

■